દાદીમાની વાર્તા—'

"કેળ-કેવડાને પાણી પાજો,
ને ધતુરાને થડથી કાપજો."

"હિંગ મરીનાં ઢાયા,
મેં ભાળીએ ભોયા,"
તે [illegible] હૈયું બસ."

લેખક—શ્રી. સ્વ. હંસાબેન કાનુગા

કિંમત ૦—૨—૦

મેસર્સ કસનદાસ નારણદાસ એન્ડ સન્સ.

બુકસેલર્સ. નાણાવટ—સુરત.

દાદીમાની વાતો—

"કેળ–કેવડાને પાણી પાજો,
ને ધંતુરાને થડથી કાપજો."

"હિંગ મરીના ડાયા,
મેં ભોળીએ ખોયા,
લે રે હૈયા બમ."

લેખક—ગં. સ્વ. હંસાબેન કાનુગા

Printed by

Narayanrao Laxmanrao Nikum at the "Shauker" Printing Press, Near Chawta Bridge, Surat.

Published by Balubhai Karsandas
of Messrs Karsandas Narandas & Sons,
Booksellers and Publishers, Nanavat, Surat.

નિવેદન

નાનાં બાળકો રસથી વાંચે એવી આ વાર્તાઓ અમે સહર્ષ પ્રકટ કરીએ છીએ. આ વાર્તાઓ આપણી પ્રચલિત વાર્તાઓમાંથી પસંદ કરેલી છે. એમાં પશ્ચિમની પરીઓની વાર્તાનું અનુકરણ નથી; છતાં એવી વાર્તાઓની સ્પર્ધા કરી શકે તેવી આ બાળ-કથાઓ છે.

બાળકો સમજી શકે તેવી ઘરગથ્થુ અને સાદી ભાષામાં એ વાર્તાઓ લખી આપનાર ગં. સ્વ. હંસાબેનનો અમે આભાર માનીએ છીએ.

તા. ૧૦-૧૧-૨૮ પ્રકાશક

દાદીમાની વાતો—

"કેળકેવડાને પાણી પાજો,

ને ધંતુરાને થડથી કાપજો."

એક હતો રાજા, ને એક હતી રાણી. તે બધી વાતે સુખી પણ એક વાતે દુઃખી. તેમને પેટ કંઈ છોકરૂં નહિ.

રાજા તો રામ જેવું રાજ કરે. પોતાની રૈયતને પેટનાં છોકરાં જેવી ગણે અને ન્યાયથી રાજ ચલાવે.

રાજા રાણી બંને વરતવરતુલાં કરે અને પરમેશ્વરની ભક્તિ કરે.

આખરે ભગવાન રાજી થયા. રાણીને સારો દિવસ આવ્યો અને પૂરે દહાડે રાણીને એક કુંવરી અવતરી. કુંવરી તો જાણે રૂપરૂપનો મણિ. દહાડે ના વધે એટલી રાતે વધે ને રાતે ના વધે એટલી દહાડે વધે.

એમ કરતાં કરતાં કુંવરી મોટી થઈ. એક દહાડો સવારમાં એની બેનપણીઓ સાથે તળાવને કાંઠે રમવા ગઈ. ત્યાં એક સુથાર આવી પહોંચ્યો. તેણે એ કુંવરીને જોઇ ને તેને કુંવરી સાથે પરણવાનું મન થયું. પણ રાજા કાંઈ સુથાર સાથે પોતાની કુંવરી પરણાવે !

પણ પેલો સુથાર હતો જાદુગર તે મંતરમંતર જાણે. એટલે તે તો કમળનું ફૂલ થઈને પેલા તળાવમાં પડ્યો.

રાજાની છોકરીએ એ કમળ જોયું ને તેને એ ફૂલ લેવાની રઢ લાગી. એટલે એની બેનપણીઓને કહ્યું:—

"અલી બેન, જુઓ તો ખરી પેલું ફૂલ! કેવું રૂપાળું છે! મને કોઈ તોડી આપોને?"

પેલી બેનપણીઓ તો મુગી રહી. એક બટકબોલી હતી તે બોલી, "કુંવરીબા, કુંવરીબા, તમેય ખરાં! તળાવમાંથી કમળ શી રીતે લેવાય! લેવા જઈએ તો ડૂબી જવાય ને જીવનું જોખમ થાય."

બેનપણીઓએ ના કહી એટલે કુંવરી જાતે કમળનું ફૂલ લેવા ગઈ. તળાવમાં ઉતરી. પણ જેમ જેમ આગળ જાય તેમ તેમ ફૂલ આઘું જતું જાય. કેડ સુધી પાણી આવ્યું એટલે કુંવરી બોલી—

"કેડ સમાણાં પાણી આવ્યાં,
તોય કમળફૂલ આઘું આઘું જાયરે."

વળી ફૂલ લેવા આગળ ગઈ ને છાતી સુધી પાણી આવ્યું, પણ ફૂલ તો ખસતું જ જાય, એટલે બોલી,

"છાતી સમાણાં પાણી આવ્યાં,
તોય કમળફૂલ આઘું આઘું જાયરે."

વળી આગળ ગઈ ને ગળા સુધી પાણી આવ્યું એટલે બોલી,

"ગળા સમાણું પાણી આવ્યાં.
તોયે કમળફૂલ.................."

પણ એટલામાં તો પેલો ફૂલ બનેલો સુથાર માણસ બની ગયો ને કુંવરીને ઉંચકીને નાસી ગયો. તળાવને કિનારે એનું ઘર હતું. ત્યાં કુંવરીને લઈ ગયો ને એની માને કહે, "મા, મા, હું તો વહુ લાવ્યો."

મા બોલી કે, "બેટા, બહુ સારૂં કર્યું."

પેલી બેનપણીઓ તો ગભરાઈ ગઈ ને સૌ સૌને ઘેર ચાલી ગઈ.

બપોર થયા પણ કુંવરી તો ઘેર ન ગઈ. બધે ખોળાખોળ કરવા માંડી. પેલી બેનપણીઓને પૂછ્યું તો તે કહે, "એ તો તળાવમાં કમળનું ફૂલ લેવા ગયાં હતાં તે પાછાં આવ્યાં જ નહિ. અમે તો એમની રાહ જોઈ જોઇને ઘેર આવ્યાં."

રાજાએ તો માછી બોલાવ્યા. તળાવમાં જાળ નંખાવી. આખું તળાવ ડહોળી નંખાવ્યું પણ કુંવરીનો પત્તો ન લાગ્યો.

રાજારાણી ગભરાઈ ગયાં. રાણીએ તો અન્ન ને જળ બંને તજ્યાં.

રાજાને ત્યાં એક હતો પોપટ તે માણસના જેવું બોલે ને તેને માણસના જેટલી અક્કલ.

રાજાની રાણીએ તે પોપટને કહ્યું, "પોપટજી, કુંવરીબાનો પત્તો નથી. તળાવ આખું તપાસ્યું. તળાવમાં ડૂબી ગઈ નથી. જ્યાં હોય ત્યાં પણ મારી કુંવરી જીવતી છે. જો તું શોધી લાવે તો તારૂં પાંજરૂં સોનાનું બનાવું ને તેમાં હીરા જડાવું."

એમ કહીને પોપટને છુટ્ટો મૂકયો. પોપટ તો મહોલ્લે મહોલ્લે ઉડયો. વાણીઆવાડ, દરજીવાડ, કુંભારવાડ, લુહારવાડ બધે ફરી વળ્યો. કુવાકાંઠે ઉડ્યો ને બાગમાં જઈ આવ્યો. આખરે ઉડતો ઉડતો તળાવને કાંઠે આવ્યો ને થાકીને એક બોરડીના ઝાડ ઉપર બેઠો.

તેજ ઝાડ નીચે બેસીને કુંવરી ખીચડી વણતી હતી. પોપટના બેસવાથી એની ખીચડીમાં કચરો પડયો. એટલે કુંવરીએ ઉંચું જોયું ને બોલી. "અરે ભાઈ! મારી વણેલી ખીચડીમાં તેં કચરો નાખ્યો!"

પોપટે કુંવરીને ઓળખી. તરતજ એ તો ઉડયો તે ગયો રાણી પાસે, ને બોલ્યો, "રાણીજી, વધામણી, વધામણી, કુંવરીબા જડ્યાં. સાજાસમાં. તળાવને કાંઠે સુથારના ઘરમાં."

રાણીએ રાજાને ખબર આપી. રાજાએ મોકલ્યા સિપાઇઓ. "જાઓ, જાઓ, સુથારના ઘરમાંથી કુંવરીબાને મ્યાનામાં બેસાડી લઈ આવો. સુથારને બાંધી લાવો."

સિપાઇઓ ઉપડ્યા. સુથાર તો નાસી ગયો ને કુંવરી ઘેર આવી. રાજા રાણી રાજી થયાં.

પછી તો એક રાજકુમારનું માગું આવ્યું. કુંવરીનો વિવાહ તે રાજકુમાર સાથે થયો. પણ પેલો સુથાર હજુ કુંવરીનો કેડો ન મૂકે. કુંવરીને ઉપાડી જવાના વિચાર કર્યા જ કરે. પણ રાજાની કુંવરીને ઉપાડવી એ તે કાંઈ રમત છે!

થોડા દહાડા રહીને લગ્નનો દહાડો નક્કી થયો. બડી ધામધૂમ સાથે રાજકુંવર પરણવા આવ્યો. રાજાના ગામમાં બધે આનંદ આનંદ થઈ રહ્યો.

રાજાએ ફૂલનું તો માથરૂં બંધાવ્યું. વરકન્યા માથરામાં બેઠાં છે. ગોર સાવધાન, સાવધાન બોલે છે. બૈરાં ગીત ગાય છે. વાજાં વાગે છે. ત્યારે પેલો સુથાર માંડવા બહાર ફેરા–આંટા ખાય ને બોલે,

"ઢામ ઢોલ વાગે છે,
પરણે છે પણ મારી છે."

રાજાના સિપાઇઓએ સુથારને જોયો એટલે ધપ્પા મારીને કાઢી મૂક્યો.

પછી વરકન્યા પરણી રહ્યાં. બધા લોક વેરાઈ ગયા. વરકન્યાને સાત દરવાજામાં થઇને જવાય એવા મહેલમાં સુવાનું રાખેલું.

વરકન્યા તો ત્યાં જઈ સુઈ ગયાં. લોકો પણ બધા ઊંઘી ગયા. એટલે પેલો સુથાર આવ્યો. તેણે મંત્ર ભણી ધારણ નાખ્યું એટલે બધા સિપાઇઓ ઘોર ઉંઘમાં પડ્યા. કુંવર પણ ઉંઘી ગયો. જાગે એકલી રાજકુમારી.

પછી સુથાર તો પહેલો દરવાજો ઉઘાડી અંદર પેઠો. એટલે કુંવરી બોલી,

"પહેલો દરવાજો ઉઘડ્યો,
કોઈ જાગોની! જાગોની!"

પણ સુથારના જાદુથી બધાં ઘસઘસાટ ઉંઘે તે કોણ જાગે.

પછી સુથારે તો બીજો દરવાજો ઉઘાડયો. ને અંદર આવ્યો.

કુંવરી પાછી બોલી,

"બીજો દરવાજો ઉઘડ્યો,
કોઈ જાગોને! જાગોને!"

કોઈ જાગ્યું નહિ.

એમ સાતે દરવાજા ઉઘાડીને સુથાર મહેલમાં પેઠો. એણે તો પેલા રાજકુંવરને મારી નાખ્યો. કુંવરી તો બેભાન જ થઈ ગઈ. પછી સુથાર કુંવરીને ખાંધે નાખીને એને ઘેર લઈ ગયો. એની માને કહ્યું કે આને સાચવજે, એમ કહીને બહાર ગયો.

સવાર થયું. બપોર થયાં પણ વરકન્યા તો જાગેજ નહિ. આખરે માલમ પડયું કે કુંવરને તો કોઈએ મારી નાખ્યા. કુંવરીબા તો કાંઈ ગુમ થઈ ગયાં.

રાણી છાતીફાટ રડવા લાગી. રાજા ગાંડા જેવો થઇ ગયો. શહેરમાં બધે હાહાકાર થઈ રહ્યો.

પેલી કુંવરીને ભાન આવ્યું તો પોતાને સુથારના ઘરમાં સુતેલી જોઈ કલ્પાંત કરવા લાગી. પણ હીંમત પકડીને ઉઠી ને સુથારના ઘરમાં આગલો ઉમરો ને પાછલો ઉમરો એમ ફેરા આંટા માર્યા કરે.

એવામાં એણે રાજકુંવરને લોકો સ્મશાન લઈ જતા હતા તે જોયું. એ પણ પાછળ દોડી. સુથારની ડોસી તો ટકટક કરતી રહી.

રાજકુંવરની પાછળ ચિતામાં કુંવરીએ ભુસકો માર્યો અને કુંવરની સાથે બળી મૂઈ.

એટલામાં પેલો સુથાર આવ્યો અને એની માને પૂછવા લાગ્યો,

"મા, મા, મારી વહુ કયાં ગઈ?"

મા કહે, "બેટા, એ તો સ્મશાન તરફ નાસી ગઈ."

સુથાર પણ સ્મશાન તરફ દોડ્યો, ને પેલી ચિતામાં કુદી પડયો. એ પણ બળી મૂઓ.

પછી રાજાએ તો ત્યાં આગળ એક બાગ બનાવ્યો, પણ પેલાં ત્રણ બળી મુઆં હતાં ત્યાં આગળ ત્રણ છોડ માળીએ વાવ્યા વગર ઉગી નીકળ્યા. એક કેળ, એક કેવડો ને એક ધંતુરો.

રાજાનો માળી ફૂલઝાડને પાણી પાતો પાતો ત્યાં આવે ત્યારે કેળમાંથી પેલી કુંવરી ઝીણે સાદે બોલે.

"કેળ–કેવડાને પાણી પાજો,
ને ધંતુરાને થડથી કાપજો."

માળી તો આ સાંભળી અચંબો પામ્યો ને રાજા પાસે ગયો ને બોલ્યો, "રાજાજી, રાજાજી, આપણા બાગમાં તો કાંઇ કૌતક છે. ત્રણ છોડ એની મેળે ઉગી નીકળ્યા છે. ત્યાં આગળ હું પાણી પાતો પાતો જાઉં છું એટલે કોણ જાણે કોણ બોલે છે કે,

"કેળ–કેવડાને પાણી પાજો,
ને ધંતુરાને થડથી કાપજો."

રાજા પણ અચંબો પામ્યો. તેણે માળીને કહ્યું, "કાલે સવારમાં હું એ કૌતક સાંભળવા આવીશ."

બીજે દિવસે રાજા પ્રધાન સાથે બાગમાં ગયો. માળી ઝાડને પાણી પાવા ગયો એટલે ઝીણો અવાજ આવ્યો:—

"કેળ–કેવડાને પાણી પાજો,
ને ધંતુરાને થડથી કાપજો."

રાજાએ પ્રધાનને પૂછ્યું, "આ તે શું?"

પ્રધાન કહે, "કેળ ઉખેડાવી જુઓ."

માળી પાસે રાજાએ કેળ ઉખેડાવી તો તેના મૂળમાંથી પીઠીભરેલી પાનેતરવાળી પોતાની કુંવરી નીકળી.

પછી કેવડાને ઉખેડાવ્યો તો અંદરથી પેલો પરણેલો રાજકુંવર નીકળ્યો.

પછી ધંતુરો ઉખેડયો એટલે તેની નીચેથી પેલો સુથાર નીકળ્યો. રાજાના સિપાઇઓએ ઝટ કરતાંકને સુથારની ચોટલી પકડી. રાજાએ તેનાં નાક કાન કપાવ્યાં ને ગધેડે બેસાડી ગામ બહાર કાઢી મૂક્યો.

કુંવરકુંવરી ઘેર આવ્યાં. નગર આખામાં આનંદ આનંદ થઈ રહ્યો. રાજા ઘરડો થયો હતો. રાજકુમારને પોતાની ગાદી પર બેસાડયો, ને ઘરડાં રાજારાણી વનમાં ગયાં ને પરમેશ્વરનું ભજન કરવા લાગ્યાં.

નાકકાન કટ્ટો સુથાર તો શરમનો માર્યો નાસી જ ગયો.

પછી નવાં રાજારાણીએ ખાધું પીધું ને મોજ કરી.

"હિંગ મરીના ડોયા,
મેં ભોળીએ ખોયા,
લે રે હૈયા ભમ!"

એક હતો બ્રાહ્મણ તેને એક બેન તે બ્રાહ્મણની પાસેના ગામમાં રહે. બેન બાપડી ગરીબ ને વળી બચરવાળ. બિચારીને નવ છોકરા. છોકરાને રોજ પેટપૂર ખાવાનું પણ ન મળે.

એમ કરતાં બળેવનો દિવસ આવ્યો, એટલે પેલા બ્રાહ્મણે એની વહુને કહ્યું, "સાંભળો છો કે, કાલે બળેવ છે, તે મારાં બેનભાણજાંને જમવા તેડજે; કાંઈ સારૂં સારૂં બનાવી જમાડજે, ને મારે તો ખેતરમાં વાવેતર કરવા જવું છે, તે હું તો ખેતર જઇશ, ને હું મોડો આવું ત્યાં સુધી બેન રહે તો રાખજે. જો વહેલી જાય તો એને કાંઇ શેરબશેર બંધાવજે."

ત્યારે એની વહુએ કહ્યું કે "સારૂં."

પછી પેલી બ્રાહ્મણી તો એની નણંદને નોતરૂં દેવા ગઈ. નણંદને ઘેર જઇને બોલીઃ—

"નવ નોળીઆ ને દશમા દવે
અગિઆરમાં બાઇજી આવજો તમે."

ભાભીનું એવું નોતરૂં સાંભળી નણંદને માઠું લાગ્યું. તેને લાગ્યું કે મારે ઘણાં છોકરા છે, તે એણે ગણી બતાવ્યા. પણ બિચારી ગરીબ તે સાંભળીને બેસી રહી, અને કહ્યું, "વારૂ આવીશું."

પછી બીજે દહાડે બધા છોકરાને લઇ નણંદ તો જમવા ગઈ, ને પેલી ભોજાઇએ તો શું કર્યું કે દહીં વલોવ્યું ને ગોળી ભરીને છાશ કરી, ને નણંદના છોકરા જાણે બહુ વહાલા લાગતા હોય એમ કહ્યું, "આવો જરા, તમારે માથે માખણ ઘાલું."

એમ કહીને એણે તો આંગળી આંગળી છોકરાઓના માથામાં માખણ ઘાલ્યું. પછી જુવાર ભરડીને મોટું તપેલું ભરીને છાશમાં રાબ ખદખદાવી ને બધા ભાણેજોને પેટ ભરીને ખવડાવી.

પછી ભોજાઇએ નણંદને કહ્યું, "બાઇજી, તમારા ભાઇ તો ખેતરમાં ગયા છે. તે, બેન, મોડા આવશે, ને તમારે ઘેર જતાં અંધારૂં થશે. વળી, તમારા ભાઇ કહી ગયા છે કે બેનને શેર–બશેર બંધાવજો, માટે આ લો શેર ને બશેરનાં પત્થરનાં કાટલાં!" એમ કહીને પેલીએ તો શેર ને બશેરી એક લુગડાના કટકામાં બાંધી આપ્યાં.

બિચારી નણંદને તો બહુજ ખોટું લાગ્યું. એણે વિચાર્યું કે મારા ભાઇએ મને ગરીબ જાણીને શેરબશેર અનાજ બાંધી આપવાનું કહ્યું હશે. પણ આ ભોજાઇએ તો અમને ગરીબ જાણીને અમારી મશ્કરી કરી. પણ કાંઈ બોલી નહિ. પેલાં કાટલાં લીધાં ને પોતાને ઘેર જવાને નીકળી.

રસ્તે જતાં બેને વિચાર્યું કે ભાઈના ખેતર આગળ થઇને જાઉં. ઘણા દહાડા થયાં ભાઇને મળી નથી તે મળી પણ શકાશે. એમ વિચારીને ભાઇનું ખેતર આવે તે રસ્તે બધાં ચાલવા લાગ્યાં.

છોકરા તો બિચારા ભોળા તે ગાતાં ગાતાં ચાલેઃ—

"માથે માખણ ઘાલીયાં
ને રાબે ભરીયાં પેટરે,
વરસાદ વહેલો આવજે
મારા મામાને ખેતરે."

એમ કરતાં તો મામાનું ખેતર આવી પહોંચ્યું. પછી મામાએ આઘેથી પોતાના ભાણેજોને ને પોતાની બેનને આવતાં જોયાં, એટલે સાંથેડું છોડી તેમની સામે આવ્યો. ભાઇબેન એક-બીજાને મળ્યાં ને ખબરઅંતર પૂછી. પછી છોકરાઓને મામાએ પૂછ્યું, "ભાઈ મામીએ તમને શું જમાડ્યું ?" એટલે છોકરાઓ તો ખૂશખૂશ થતા બોલ્યા, "મામા, મામા, મામીએ તો કેવી સારી જાડી છાશમાં રાબ કરેલી. તે કેવી સવાદ થયલી. તે અમને પેટ ભરીને ખૂબ જમાડી, ને વળી માથામાં માખણ ઘાલ્યું ને તમે કહી ગયલા કે શેરબશેર આપજો તે શેરીઓ ને બશેરી પણ આપ્યાં."

આ સાંભળીને બ્રાહ્મણને તો એની બૈરી ઉપર ગુસ્સો આવ્યો, કે મારી બેનને સપરમે દહાડે ઘેંસ ખવડાવી ! એને પણ હું બતાવી આપીશ.

પછી બે ત્રણ દિવસ જવા દીધા, ને એક દહાડો બ્રાહ્મણ બજારમાંથી હાંફલોફાંફલો ઘેર આવ્યો ને પોતાની બૈરીને કહેવા લાગ્યો, "સાંભળે છે કે, તારા પિયરના ગામનો એક માણસ

મને હમણાં બજારમાં મળ્યો. તેણે કહ્યું કે તારા બાપનું ઘર ગઈ કાલે આગ લાગીને બળી ગયું. બધું સાફ થઇ ગયું. ખાવા કે ખાંડવા પણ કાંઈ રહ્યું નથી. તારાં માબાપ બિચારાં હાથે પગે ઘરમાંથી નીકળ્યાં છે. ત્યારે એ બાપડાંની શી દશા થશે. લાવ, તું થોડું થોડું આપે તો હું એ બાપડાંને આપી આવું.

આ સાંભળીને પેલી બ્રાહ્મણી તો ગભરાઈ ગઈ ને ડૂસકે-ડૂસકે રડવા લાગી, ને કહે, "હાયરે માડી! આ શો કોપ થયો! મારાં માબાપ શું ખાતાં હશે! શું પહેરતાં હશે! ક્યાં સુતાં હશે!"

એણે તો રડતાં રડતાં દાળ, ચોખા ને ઘઉં કાઢ્યાં. તે બધાંની ગુણો ભરી સીવી લીધી. બીજું લુગડાં, ચણીઆ, ધોતીયાં, પહેરણ, કપડાંની પોટલી બાંધી ને એના ધણીને કહે, કે "ચાલો, આ એમને માટે તૈયાર કર્યું છે, હુંયે તમારી સાથે આવું છું."

ત્યારે બ્રાહ્મણ કહે, "તું આવીને શું કરવાની છે! તેજ બાપડાં કોઇને ત્યાં પડયાં હશે, ત્યાં આપણે બધાં જઇને પડીએ તો કેવું દેખાય!"

ત્યારે બ્રાહ્મણી કહે કે, "વારૂ, મને તો નહિ પણ આ છોકરાને તો તેડતા જાઓ." એમ કહી પોતાના છોકરાને નાળિયેરના ચાર પાંચ ડોયા આપ્યા. તે ડોયામાં પોતાના ધણીથી છાના એકઠા કરેલા રૂપીઆ ભર્યા હતા.

પછી, જતી વખતે છોકરાને બાઇએ કહ્યું કે, "બેટા, આ ડોયા તું ઘરડીમાને હાથોહાથ આપજે."

ત્યારે એના ધણીએ પૂછ્યું, "એમાં શું છે ?"

ત્યારે પેલીએ જવાબ દીધો, "એમાં તો મરીમસાલો હિંગ, મરી, એવું એવું છે."

બ્રાહ્મણ તો સમજી ગયો કે આમાં કાંઈ પૈસા હોવા જોઇએ.

પછી બ્રાહ્મણ તો બધી અનાજની ગુણ, પેલી કપડાંની પોટલી બધું ગાડામાં ભર્યું ને પોતાના છોકરાને લઇને ગાડું હાંકીને ચાલ્યો, તે સીધો પોતાની બેનના ગામ તરફ.

થોડો વખત રહીને બેનનું ગામ આવ્યું ને પછી બેનના ઘર આગળ ગાડું આવી પહોંચ્યું.

એટલે છોકરો બોલ્યો, "બાપા, બાપા, આ તો ફોઈનું ઘર. અહીં કેમ આવ્યા ! મામાનું ઘર તો અહીંથી બહુ આઘું છે. ત્યાં ચાલોને."

બ્રાહ્મણ કહે, "બેટા ફોઇને મળીને પછી તારા મામાને ઘેર જઈશું." પછી બ્રાહ્મણે તો એની બેનના આગણામાં ગાડું છોડ્યું. પેલી અનાજની ગુણો એની બેનના ઘરમાં ખડકી. પેલી કપડાંની ગાંસડી એની બેનને સોંપી, ને પેલા હિંગમરીના ડોયા પણ છોકરા પાસે પોતાની બેનને અપાવી દીધા.

પછી ગાડું હાંકીને બ્રાહ્મણ તો પોતાને ઘેર આવ્યો. બૈરીએ પૂછ્યું, 'કેમ, આટલી વારમાં આવતા રહ્યા ?'

એટલે છોકરો બોલ્યો, "બા, બા, બાપા તો બધું, પેલા તારા હિંગમરીના ડોયા સુદ્ધાં ફોઇને આપી આવ્યા."

એટલે પેલી બ્રાહ્મણી છાતી માથાં કુટતી જાય ને રડતી જાય કેઃ—

"હિંગ મરીના ડોયા,
મેં ભોળીએ ખોયા,
લે રે હૈયા ભમ."

બ્રાહ્મણ કહે કે 'એમાં રડે છે શું ! એ તો બેનના ગામ આગળ ગયો ત્યારે ખબર પડી કે તારા ભાઈનું ઘર કાંઈ બળી ગયું નથી, એ તો ખોટી વાત છે. એટલે મારી બેન બાપડી ગરીબ તેને ત્યાં બધું મૂકી આવ્યો.'

ત્યારે બ્રાહ્મણી બોલી, "પણ પેલા ડોયામાં તો રૂપીઆ હતા ! હાય ! હાય ! મારા ડોયા !" ને પાછી રડવા લાગી, ને સમજી કે એના ધણીએ જાણી જોઇને એને છેતરી એટલે ખૂબ અકળાઇને છાતીમાથાં કુટવા લાગી કેઃ—

"હિંગ મરીના ડોયા,
મેં ભોળીએ ખોયા,
લે રે હૈયા ભમ."

× × × ×

કેવી ગરીબ બેન !
કેવી કપરી ભાભી ! !
કેવો ભલો ભાઈ ! ! !

ચલાણીમાં મોતી,
ને તારી વાર્તા ખોટી.

× × × ×

આંબે આવી કેરી,
ને મારી વાર્તા ખરી.

× × × ×

આંબે આવ્યા મોર,
ને વાર્તા કરીશું પ્હોર.

"ઘરમાં ટકા હતા વીસ"

સસરો પૂછે બેટા વહુ,
ઘરમાં ટકા હતા બહુ,
ટકા કોને આપ્યા?

ઘુમટો તાણી બોલ્યાં વહુ,
તમને હિસાબ દઉં,
ટકા કોને આપ્યા.

ઘરમાં ટકા હતા વીસ
ભાંગી ખાટલાની ઈસ,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા ઓગણી,
બારણે આવ્યાં માતા જોગણી,
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકા રહ્યા અઢાર,
આવ્યો ગામનો ભરવાડ,
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકા રહ્યા સત્તર,
પૂંઠું રાવળનું પત્તળ,
ટકો તેમાં આપ્યો.

ઘરમાં રહ્યા ટકા સોળ,
લાવી ગાય સારુ ખોળ,
ટકો તેનો આપ્યો.

ઘરમાં રહ્યા ટકા પંદર
ત્યારે શીખી નવો હુન્નર
ટકો તેનો આપ્યો

ઘરમાં ટકા રહ્યા ચૌદ,
બારણે આવ્યો સાધુ બૌદ્ધ,
ટકો તેને આપ્યો.

ઘરમાં રહ્યા ટકા તેર,
લાવી કીડીઆંની સેર,
ટકો તેનો આપ્યો.

ઘરમાં રહ્યા ટકા બાર,
કઢાવી દાતરડે ધાર,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા અગિયાર
ત્યારે દળાવી જાર
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા દસ,
લાવી ખાવાની વસ,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા નવ,
લાવી તેવારે હું જવ,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા આઠ,
કર્યો બ્રાહ્મણે પાઠ,
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકા રહ્યા સાત,
ત્યારે ખંડાવ્યો ભાત,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા છજ
ત્યારે ભાવી મરી તજ
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકા રહ્યા પાંચ,
માગી પટેલે લાંચ,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા ચાર,
લાવી ધોવાનો ખાર,
ટકો તેનો આપ્યો.

ઘરમાં ટકા રહ્યા ત્રણ,
ત્યારે આવ્યો બ્રાહ્મણ,
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકા રહ્યા બેજ,
આવ્યો નાનો ભાણેજ,
ટકો તેને આપ્યો.

ઘરમાં ટકો રહ્યો એક,
મુકાવી ચુડીએ રેખ,
ટકો તેનો આપ્યો.

ઈનામ તથા લાયબ્રેરી માટે મંજૂર

હિતવચનમાળા	...૦
જાદુઈ દીવો	...૦
રત્નગઢનો બાળકુંવર	...૦
મહારાજા કનકકાન્ત	...૦
પર ધન મીટ્ટી સમાન	...૦
નીતિની શિખામણો	...૦
વેનીસનો વેપારી	...૦
રંકનો રાજા	...૦
ધર્મ નીતિ બોધિની ભાગ પહેલો	...૦—૨—૬
નીતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો ભાગ પહેલો... ...	...૦—૫—૦
" " ભાગ બીજો... ...	...૦—૬—૦
બાળપંચતંત્ર	...૦—૪—૦
ઘરમાં રમવાની રમતો	...૦—૫—૦
સમ્રાટ જ્યોર્જ	...૦—૬—૦
નીતિબોધ...	...૦—૧૦—૦
ગીતાંજલિ	...૦—૮—૦
સુદામા ચરિત્ર	...૧—૮—૦
સદ્‌ઉપદેશ...	...૦-૧૦
એડવર્ડનું જીવન ચરિત્ર...	...૦-૧૨

કન્યાશાળા માટે

સતી મહિમા	...૦—૩—
પુત્રી શિક્ષા	...૦—૫—
વધૂબોધ...	...૦—૬—
શીવણકળા	...૦—૮—
ગૃહવ્યવસ્થા	...૦-૧૨-
મામેરૂં	...૦—૧૪—

સોલ એજન્ટ

મેસર્સ કસનદાસ નારણદાસ એન્ડ સન્સ

બુકસેલર્સ, નાણાવટ—સુરત.